## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




જો મને દિકરીનાં ઘરે સંપેતરા લઈને મોકલીશ નહીં... પછી કાંઈ થાય તો મારો વાંક કાઢવાનો નહીં...

# છાવણી ખાતે બેઠેલા ૧૧ ઉપવાસીઓની અટકાયત

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે છેલ્લા ૪૬ દિવસથી એલઆરડીની મહિલા ઉમેદવારો ભરતીમાં અન્યાય થયો હોવાના આક્ષેપ સાથે ન્યાય મેળવવા માટે આંદોલન ચલાવી રહી છે. ત્યારે છેલ્લા ચાર દિવસથી સાત મહિલા ઉમેદવારો અને ૪ ભાઈઓ ન્યાય ન મળે ત્યાં સુધી અન્નનો ત્યાગ કરી માત્ર પાણી પીને દિવસો પસાર કરી રહ્યા છે. ત્યારે સેકટર-૭ પોલીસે આજે ઉપવાસ કરી રહેલા ૧૧ ઉપવાસીઓ સામે અટકાયતી પગલા ભરીને મામલતદાર સમક્ષ જામીન લેવડાવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ સત્યાગ્રહ છાવણી ખાતે બેઠેલા આંદોલનકારીમાં રીંકલ ચૌધરી, પૂજા સાગઠીયા, જયશ્રી, હેતલ, અસ્મિતા, દક્ષા, ભાવના અને બંધારણીય અધિકાર આંદોલન સમિતિ (બીએએએસ)ના હસમુખ સકસેના, ભરતભાઈ ચૌધરી, રામજીભાઈ ઠાકોર અને વિષ્ણુભાઈ માલધારી એ ૧-૮-૧૮ નો પરિપત્ર રદ ન થાય ત્યાં સુધી ઉપવાસ આંદોલન કરશે. ત્યારે આજે પોલીસે ૧૧ ઉપવાસીઓની અટકાયતી પગલા ભરીનો મામલતદાર સમક્ષ જામીન લેવડાવ્યા હતા. ત્યારે પૂજા સાગઠીયાએ જણાવ્યું હતું કે ગાંધી ચિંધ્યા માર્ગે છેલ્લા ૪૬ દિવસથી અમે આંદોલન કરી રહ્યા છીએ. સત્યાગ્રહ છાવણી ખાતે આજે પોલીસ આવી હતી અને અમને મેડીકલ કરાવવાના બહાને અમને કલેકટર કચેરી લઈ આવી હતી. જયા અમારી પાસે સહી કરાવી હતી અને સહી નહી કરો તો સેન્ટ્રલ જેલ જવુ પડશે તેમ કહ્યું હતું. જયારે આ અંગે સેકટર-૭ પોલીસ મથકના ફર્સ્ટ પીઆઈ એચ.જે.સિંઘવે કહ્યું હતું કે કોઈ વ્યકિત મરવાની વાત કરે એટલે તેની સલામતી અમારી પ્રાયોરીટી હોય છે. આમરણાંત ઉપવાસ પરર બેઠેલી યુવતિઓની મેડીકલ તપાસ માટે અમે ગયા હતા, તેઓએ તપાસની ના પાડતા અમે અટકાયતી પગલા લીધા હતા અને જામીન પર છોડી દીધા હતા.






## ચિલોડા બી.જે.કોમ્પ્લેક્ષ ખાતે ટ્રક રીવર્સ કરતા ત્રણ વિજપોલ જમીનદોસ્ત

ચિલોડા-નરોડા માર્ગ પર ઓવરબ્રિજ નજીક આવેલા બી.જે.કોમ્પ્લેક્ષ વાણીજય સંકુલ ધમધમી રહ્યું છે. આજે બપોરના સુમારે સિમેન્ટ ભરેલા આઈસર ટ્રકના ચાલકે પાછળની બાજુએ ટ્રક લેતા વિજપોલ સાથે અથડાતા વિજપોલ જમીનદોસ્ત થઈ ગયા હતો. વિજપોલ અને તાર નીચે પડતા વેપારીઓ અને સ્થાનિક નાગરીકોમાં ભય ફેલાયો હતો. જો કે ઘટનાની જાણ થતા વિજ કંપનીના કર્મચારીઓ તાત્કાલીક સ્થળ પર પહોંચી ગયા હતા. જો કે આ ઘટનામાં કોઈ જાનહાની કે માલહાની ન થતા તમામ નાગરીકોએ હાશકારો અનુભવ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર તાલુકાના ઈસનપુર-મોટા ગામની પ્રા. શાળાની મહારાષ્ટ્ર સરકારની એક ટીમે ખાસ મુલાકાત લીધી હતી. આ ટીમે ત્યાં જઈ ઓનલાઈન હાજરીની પ્રથા તેમજ એસ.એ.એસ. પ્રોજેક્ટને લઈ તલસ્પર્શી વિગતો સાથે અભ્યાસ કર્યો હતો.
- કુપોષણ મુક્તિ અભિયાનને લઈ ૨૭મીએ જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે.
- ગુજરાત સફાઈ કામદાર આયોગના અધ્યક્ષ મનહરભાઈ ઝાલાએ આજે સે. ૨૮ બાલોદ્યાન નજીક સ્વચ્છતા અભિયાન કર્યુ હતુ. તેમની સાથે કમિશ્નર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ પણ જોડાયા હતા.
- આજે જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા પંચાયતના શાખાધિકારીઓ સાથે બપોરના ૩ થી લઈ રાત્રીના સાડાસાત વાગે યોજેલી બેઠક ચાલુ હોવાનું જાણવા મળેલ છે.
- પ્રાકૃતિક ખેતી અંગે જિલ્લાકક્ષાનો પરિસંવાદ ગિયોડ અંબાજી મંદિર ખાતે થયો હતો જેમાં પ્રફુલ્લભાઈ સેજલિયા, દિક્ષિતભાઈ પટેલ અને હિતેન્દ્ર પટેલ સહિતના ખેડૂત આગેવાનો અને ખેડૂતો હાજર રહ્યા હતા.

## વાત-વાતમાં.....

- ગાંધીનગરના સેક્ટર-૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતે વિશ્વગ્રામ તથા કડી સર્વ વિશ્વ વિદ્યાલય પ્રેરિત સ્નેહ-સંગીત સંવાદ-૩ અંતર્ગત શનિવારે સવારે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન ખિમજી વિશ્રામ હોલમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કાશ્મીરી લોક અને સૂફી ગાયક ગુલઝાર અહેમદ ગનાઈના કાશ્મીરી સંગીતનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમને માણવા સંસ્થા દ્વારા સંગીત રસિકોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.
- આગામી તા. ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસ હોવાથી તેની ઉજવણી સંદર્ભે શાળાના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક રજા હોવા છતાં શાળામાં હાજરી આપવી ફરજિયાત હોય છે. બીજી તરફ તા. ૨૭મીએ રવિવારની રજાના દિવસથી કેટલી શાળાઓમાં પૂરક પરીક્ષાઓના યુનિટ ટેસ્ટ શરૂ કરવામાં આવી રહ્યાં હોવાથી તે શાળાઓના વિદ્યાર્થીઓને શનિ-રવિ બંને દિવસની રજાઓમાં શાળાએ જવુ ફરજિયાત બનશે તેવુ જાણવા મળ્યુ છે.
- ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે એશિયન રેડિયોલોજી ફોરમ દ્વારા આઈરીયા-૨૦૨૦ વાર્ષિક કોન્ફરન્સનો આજે પ્રારંભ થયો છે જે માટે વહેલી સવારથી ખાનગી સુરક્ષા કર્મીઓને મુલાકાતીઓની તપાસ માટે તૈનાત કરી દેવાયાં હતા. જો કે મુલાકાતીઓના સામાનનું સ્કેનીંગ કરતા મહિલા સુરક્ષા કર્મચારીથી માંડીને ગેટ પર તૈનાત સુરક્ષા કર્મીઓને બપોરે મોડા સુધી ભોજનનો વિરામ ના મળતા કે વચ્ચે તેમના માટે કોઈ ચા-પાણી સુદ્ધાંની વ્યવસ્થા ના કરાઈ હોવાથી કર્મચારીઓમાં આયોજકો પ્રત્યે ભારે રોષ સાથે નિરાશા જણાઈ આવતી હતી.
- ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના કેમ્પસમાંથી બાઈક અને સ્કૂટરની ઉઠાંતરી થવા પામી છે. આ સાથે ઘણા સમયથી અટકેલો વાહન ચોરીનો સિલસિલો ફરી શરૂ થઈ ગયો હોવાની ભીતિ સેવાઈ રહી છે.

## ઠક્કર સમાજના દર્શિત જે. સેજાણી સી.એ. થયા



બનાસકાંઠાના ઠક્કર (લોહાણા) સમાજના અગ્રણી, શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગરના પૂર્વપ્રમુખ અને જુનાગઢ કોમર્શિયલ કો.ઓપ. બેંકના ડાયરેકટર જીતુભાઈ સેજાણીના સુપુત્ર દર્શિત જે. સેજાણીએ તાજેતરમાં જાહેર થયેલ સી.એ.ની ફાઈનલની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

# બહુજન ક્રાંતિ મોરચા દ્વારા ૨૯મીએ સી.એ.એ.ના વિરોધમાં ભારત બંધનું એલાન

એન.આર.સી. અને સી.એ.એ.ના કાયદાના વિરોધમાં સમગ્ર ભારતભરમાં અને ગુજરાતમાં આંદોલન ચાલી રહ્યા છે. જિલ્લા સ્તરીય એનઆરસી અને સીએએ ખામી યુકત તેમજ બંધારણ વિરોધી કાયદો છે. ત્યારે તા.૨૯ જાન્યુઆરીના રોજ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. દેશમાં સૌથી મોટો અસંતોષ એનઆરસી અને સીએએ પેદા કર્યો છે. બંધારણીય ઓળખ એસસી, એસટી, તેમજ ઓબીસીને ખતમ કરવાની કોશિશ કરવામાં આવી છે. ત્યારે બહુજન ક્રાન્તિ મોરચાના જિલ્લા સંયોજક રાજીવ કે પરીખ તેમજ કાર્યકરો તા.૨૯ જાન્યુઆરીના રોજ જિલ્લામાં વિરોધ પ્રગટ કરશે. જો એનઆરસી અને સીએએ લાવવા માંગતા હોય તો ડી.એન.એ.ને મુખ્ય આધાર બનાવી તે પ્રમાણે રાષ્ટ્રીય નાગરીક નોંધણી રજીસ્ટ્રરમાં ડી.એન.એ. પરિક્ષણની માંગ કરી છે. દેશના નોંધણી રજીસ્ટ્રરમાં ડીએનએ પરિક્ષણ દ્વારા વિદેશી કોણ છે તેની જાણ થશે. તો બંધારણના વિરુદ્ધ કાયદો દુર કરો. એનઆરસી-સીએએ દ્વારા દેશમાં અરાજકતા પેદા થવાની કામગીરી થઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. ભારત બંધમાં સંવિધાનને આધિન અને કાયદાના દાયરામાં રહી એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. તેમજ માઈનોરીટીના ૮૫ ટકા નાગરીકો જોડાઈ શાંતિપૂર્ણ રીતે બંધ પાળવા માટે બહુજન કાંન્તિ મોરચા ગાંધીનગરના સંયોજક રાજીવ કે પરીખ અને રાજન વાઘેલાએ અપીલ કરી છે.

# ગિયોડમાં પાંચમા તબક્કાનો અંતિમ સેવાસેતુ યોજાયો : ૨૯૦૦થી વધુ લાભાર્થી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના ગિયોડ ગામે આજે તાલુકાનો અંતિમ સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. સેવાસેતુના આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ શોભનાબેન અને અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. પાંચમા તબક્કાનો આ તાલુકાનો અંતિમ સેવાસેતુ હતો.

આ સેવાસેતુમાં ૨૯૧૧ લોકોએ લાભ લીધો હતો. આ આકારણી પત્રકની નકલ આપવામાં આવી હતી. ૨૫ લાભાર્થીઓને સ્થળ પર જ લર્નીંગ લાયસન્સ આપવામાં આવ્યા હતા.

આ ઉપરાંત નવા ઘરેલુ વીજ જોડાણની ૧૨ અરજી મળી હતી



વાઘેલા, ભાજપના આઈ.બી. વાઘેલા, મામલતાદર સહિત તાલુકાના મહત્વના અધિકારીઓ હાજર રહ્યા હતા.

ગિયોડ ખાતે યોજાયેલ આ સેવાસેતુ કાર્યક્રમમાં આસપાસના ગામના રહીશો સહકારી આગેવાનો સેવાસેતુમાં ૧૨૭ લોકોને આવકના દાખલા આપવામાં આવ્યા હતા. ૧૬૩૦ લાભાર્થીઓએ રસીકરણ કરાવ્યુ હતુ. ૪૯ બાળકોના આધાર કાર્ડ તેમજ ૪૫ વ્યક્તિઓના આધાર કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા. ૪૦ થી વધુ લોકોને તેનો પણ હકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો હતો. આ સેવાસેતુમાં પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના, સુકન્યા સમૃદ્ધ યોજના, પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજનાના લાભાર્થી પણ નોંધાયા હતા.

## સાઈ ખાતે ઑલ ઈન્ડિયા ઈન્ટર રિજનલ કબડ્ડી ટૂર્નામેન્ટનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સેક્ટર-૧૫માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ખાતે ગુરૂવારથી ૧૪મી ઓલ ઈન્ડિયા ઈન્ટર રિજનલ કબડ્ડી ટૂર્નામેન્ટનો પ્રારંભ થયો છે. તા. ૨૬મી જાન્યુઆરી સુધી ચાલનાર આ રાષ્ટ્રીય કબડ્ડી સ્પર્ધા સાઈના ડેપ્યુટી ડાયરેક્ટર ઈનચાર્જ પી.કે. રાઘવે ખુલ્લી મુકી હતી. આ સ્પર્ધા ગર્લ્સ અને બૉયઝ બંને વિભાગમાં સબજુનિયર અને જુનિયર કેટેગરી માટે યોજાઈ રહી છે. જેમાં દેશભરમાંથી આવેલા ૯૮ બૉયઝ ખેલાડીઓ અને ૮૮ ગર્લ્સ ખેલાડીઓ સહિત કુલ ૧૮૬ ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે.

ઑલ ઈન્ડિયા ઈન્ટર રિજનલ કબડ્ડી ટૂર્નામેન્ટમાં બૉયઝ વિભાગમાં સબ જુનિયર કેટેગરી માટે ચાર ટીમ ભાગ લઈ રહી છે જેમાં સોનેપત, કેરળ, ગાંધીનગર અને મિશ્ર ટીમનો સમાવેશ થાય છે જ્યારે ગર્લ્સ વિભાગમાં સબ જુનિયર કેટેગરી માટે પણ ચાર ટીમ છે જેમાં ગાંધીનગર, ચંદીગઢ, સોનેપત અને મુંબઈની ટીમનો સમાવેશ થાય છે.

જુનિયર કેટેગરીમાં બંને વિભાગમાં પાંચ-પાંચ ટીમો છે જેમાં બૉયઝ વિભાગમાં સોનેપત, ચંદીગઢ, સાઉથ સેન્ટર બેંગ્લોર, મુંબઈ અને ગાંધીનગરની ટીમો વચ્ચે ટક્કર છે જ્યારે ગર્લ્સ વિભાગમાં ગાંધીનગર ઉપરાંત સોનેપત, કેરળ, ચંદીગઢ અને મુંબઈની ટીમો ટકરાઈ રહી છે. સાઈ ખાતેની આ ઈન્ટર રિજનલ કબડ્ડી ટૂર્નામેન્ટ દેશમાં કબડ્ડીની રમત માટે નવી ઉગતી પ્રતિભા શોધ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. રાષ્ટ્રીયકક્ષાની આ ટૂર્નામેન્ટમાં કુલ ૧૮૬ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

# દહેગામ ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વનું રિહર્સલ યોજાયું

ગાંધીનગર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી દહેગામ ખાતે થનાર છે. રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિનની ઉજવણીનું રિહર્સલ આજરોજ ગાંધીનગરના જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ માર્ચ પાસ્ટ, બાળકો દ્વારા રજૂ કરવામાં આવનાર તમામ સાંસ્કૃતિક કૃતિઓને નિહાળી હતી. તે ઉપરાંત રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં કરવામાં આવેલી પદાધિકારીઓ, અધિકારીઓ અને અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા.

આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, પ્રાંત અધિકારી એસ.એમ. ભોરણિયા



આર્યની ઉપસ્થિતમાં યોજાયું હતું. કલેકટર કુલદીપ આર્યએ પોલીસ, હોમગાર્ડ અને એન.સી.સી.ની નગરજનોની બેઠક વ્યવસ્થા, પાણી જેવી અનેક બાબતોનું બારીકાઈથી નિરીક્ષણ કરીને કાયદો જિલ્લાના અધિકારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આહવા ખાતે માર્ચમાં ૧૧મો ગ્રામીણ ઓલમ્પિક રમતોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ડાંગ જિલ્લાના આહવા ખાતે માર્ચ-૨૦૨૦માં ડાંગ-દરબાર લોકમેળામાં અગિયારમા ગ્રામીણ ઓલમ્પિકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

અગિયારમા ગ્રામીણ ઓલમ્પિકમાં વિવિધ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ભાઈઓ માટે ૮૦ મીટર દોડ, લાંબી કૂદ, ગોળાફેંક, ઊંચી કૂદ, લાંબી દોડ, રસ્સા ખેંચ, કબડ્ડી, વોલીબોલ, કુસ્તી, લંગડી, તિરંદાજી અને ગિલ્લોલ તથા બેહનો માટે ૮૦ મીટર દોડ, લાંબી કૂદ, ગોળાફેંક, ઊંચી કૂદ, તિરંદાજી અને ખો-ખો જેવી પરંપરાગત રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિજેતા ખેલાડીઓને ઈનામ તરીકે રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

ગ્રામીણ ઓલમ્પિકમાં ભાગ લેવા ઈચ્છુક રમતવીરો અને જિલ્લા (ગ્રામ્ય)ની ટીમો એન્ટ્રી ફોર્મ જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી ખાતેથી મેળવી શકશે. એન્ટ્રી ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૯ ફેબ્રુઆરી-૨૦૨૦ છે. રમતવીરોએ વધુ માહિતી માટે વિરલ પટેલ, જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ચદ્રભાગા સ્મૃતિ, આઈ.ટી.આઈ. પાસે, આહવા-ડાંગ-૩૯૪૭૧૦, મોબાઈલ નંબર: ૯૮૯૮૨૭૯૪૪૯ ઉપર સંપર્ક કરી શકશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

(ગુજરાત સરકારનું સાહસ)

**જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૧૯-૨૦**

કાર્યપાલક ઈજનેર જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, મોડાસા, શંકર નિવાસ, કચ્છા કડવા પાટીદાર પટેલ સમાજ વાડી સામે, શામળાજી રોડ, મોડાસા, જિ. અરવલ્લી - પીન કોડ નં. ૩૮૩૩૧૫ મો. નં. ૯૯૭૮૪૪૪૦૨૨ની કચેરી દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિ નીચે જણાવેલ કામગીરી માટે વિભાગીય કચેરી હસ્તકના જુદા જુદા પેટા વિભાગોના તાલુકાના ગામોમાં કાર્યરત હેન્ડ પંપોના મરામત અને નિભાવણીના કામો (૧) મોડાસા તાલુકા આઈ.ડી. નં. ૩૯૪૯૪૪ રૂ. ૪,૯૧,૭૯૦.૦૦ (૨) માલપુર તાલુકા આઈ.ડી. નં. ૩૯૪૯૨૩ રૂ. ૬,૭૨,૬૯૫.૦૦ (૩) બાયડ તાલુકા આઈ. ડી. નં. ૩૯૪૮૯૯ રૂ. ૬,૧૩,૫૨૫.૦૦ (૪)ધનસુરા તાલુકા આઈ.ડી. નં. ૩૯૪૯૨૧ રૂ. ૩,૭૩,૪૫૦.૦૦ (૫) ભિલોડા તાલુકા આઈ.ડી. નં. ૩૯૪૯૧૮ રૂ. ૧૭,૧૩,૯૯૦.૦૦ (૬) મેઘરજ તાલુકા આઈ.ડી નં. ૩૯૪૯૩૪ રૂ. ૧૭,૫૯,૦૯૫.૦૦ કામોના ટેન્ડરમાં તેમજ માઈલ સ્ટોન ડેટામાં માગ્યા મુજબ લાયકાત ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. વિગતવાર ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ્સ્ુ.હૅષ્ઠિી.ષ્ઠિ પર ઉપલબ્ધ છે. ટેન્ડર ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તા. ૦૫-૦૨-૨૦૨૦ ને ૧૮.૦૦ કલાક સુધી છે. અને હાર્ડ કોપીમાં દસ્તાવેજ કચેરીમાં રૂબરૂમાં પુરા પાડવાની છેલ્લી તા. ૦૬-૦૨-૨૦૨૦ને ૧૫.૦૦ કલાક સુધી છે. ઉપરોક્ત કામો માટેના ભાવપત્રકોમાં હવે પછીના કોઈ પણ સુધારા વધારા સંબંધિત વેબસાઈટ ઉપર પ્રદર્શિત કરવામાં આવશે. ગુ. પા. પુ. અને ગ. વ્ય. બોર્ડના સક્ષમ કક્ષા દ્વારા ટેન્ડરો કોઈ પણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે. ગ્રામ્ય કક્ષાથી પીવાના પાણીની ફરીયાદો માટે ટોલ ફ્રી નં. ૧૯૧૬ છે.

નામાનિ/હિંમત/૪૩૦/૨૦૨૦

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ